श्री.

ज्ञानःयोगी जीन स्तुति संग्रह.

ભાગ ૧ લો.

ર. ગુકદેવી, "પ્રભુરાજ" ચતરાખ'કાવળી, વીગેરેના તદ્દન નવા રાગોથી ભરપૂર.

રચનાર

વીરપાળ વિ. હુંસરાજ શાહ.

પ્રસિદ્ધ કર્તા

कसेलर वाडीलाल वि० शोमचंद संघवी.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦ હજાર.

अमदावाद.

આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૮ વિક્રમાદિત્ય. સને ૧૮૯૨ ઈ.

કિમ્મત દોઢ આનો.

શ્રી.

ज्ञानःयोगी जीन स्तवंत संग्रह.

ભાગ ૧ લો.

રાણકદેવી, "પ્રથુરાજ" ચતરાબંકાવળી, વીગેરેના તદન નવા રાગોથી ભરપૂર.

રચનાર

વીરપાળ વિ. હુંસરાજ શાહ.

પ્રસિદ્ધ કર્તા

बुकसेलर. वाडीलाल वि० शोमचंद संघवी.

આવૃતિ ૧ લી. પ્રત ૧૦૦૦ હજાર.

अमदावाद.

આર્યોદય પ્રેસ.

સંવત ૧૯૪૮ વિક્રમાદિત્ય. સને ૧૮૯૨ ઈ.

કિંમ્મત દોઢ આનો.

अर्पण पत्रिका.

—:o:—

રા. રા. સુખલાલ વિ. કસ્તુરચંદ ગાંધી.

મુ. ધ્રાંગધરા.

આ બુક છપાવતા આપે અમોને આપના ખાસ મીત્ર જાણી મને ઘણીજ મદદ આપી છે. તેમ આપને નવા નવા રાગોનો ગાવાનો શોખ ઘણો હોવાથી હું આ એક નાનું પુસ્તક જ્ઞાનયોગી જીન-સ્તુતિસંગ્રહના નામનું જ્ઞાન ઉત્પન્ન કરે તેવું નવા રાગોથી ભરપુર તેવું લઘુ પુસ્તક હું આપને અર્પણ કરૂં છે તે કૃપા કરી સ્વીકારશો.

ધ્રાંગધરા.
તા. ૧-૮-૯૨

લી. આભારી શેવક.
વાડીલાલ સોમચંદ સંઘવી.



૪૦૯૦

॥ શ્રી. જીનાયનમઃ ॥

ज्ञानःचोमां जीनस्तुति संग्रह.

ભાગ ૧ લો.

દક્ષણી લાવણી.

સંભવનાથજી, અર્જ સુણજો મારી રે;
અતિ અસાર, છે સંસાર, માંહેથી તાર, કરીને વાર;
દયો મુને ઉગારી રે. સંભવનાથજી૦
છબી સુંદીર છે, વદન સુખકારીરે;
સંભવનાથ, ગૃહોને હાય, મનુષ્ય જાત, ની વીસાત;
નથી જુવો વીચારી રે. સંભવનાથજી૦
મોહજાળમાં, રહ્યા છે ફસાઇ રે;
ઘરબાળ, ઘરની નાર, નાના બાળ, સુખ અપાર;
ભોગવે છે ભારી રે. સંભવનાથજી૦
વિનંતી માહરી, ઉરમાં તમે ધારી રે;
જગતરાય, ધરી દયાય, કરો સહાય, કષ્ટ તો જાય;
સુદ્ધ કરો બુદ્ધિ મારીરે. સંભવનાથજી૦
તમ કૃપા થકી, ગ્રંથ હું આરંભૂ રે;
તેહની માંય, કરજો સહાય, પુરૂં રચાય, લાગુ છું પાય;
હર્ષે મન ધારીરે. સંભવનાથજી૦
બાળ જ્ઞાનોદય, વાંદે વાર હજારીરે;

કે' વીરપાળ, સુણી દયાળ, જાણીને બાળ, લ્યો સંભાળ;
બાળ કરે આભારીરે. સંભવનાથજી૦

નજરાં ગયો.

કરીએ વંદના સહુ હરષ ધરી. (૨)
સંભવસ્વામી છો અંતરજામી;
તુમ ભક્તિ મુને બહુ લાગે ખરી. કરીએ૦
તુરી લાંછન તુજ પદ સોહે;
કંચન કાયા સુ સુવર્ણ ભરી. કરીએ૦
સેવકને સુખ સંપતી આપો;
એવી અરજ અમો સહુ ઉચરી. કરીએ૦
આપ તર્યા વળી અમને ન તારો;
વાત એવી શું તમે દીલ ધરી. કરીએ૦
લક્ષ ચોરાસીના ફેરા મટાડો;
કરો કૃપા તો ભવ પાર તરી. કરીએ૦
કૃતી તારીનો પાર ન આવે;
કીર્તિ તારી જગમાં પ્રસરી. કરીએ૦
બાળ જ્ઞાનોદય ધ્રાંગપુરીમાં;
વીર સાથ કહે સ્નેહ ધરી. કરીએ૦

સાંભળુ શા બોલો તમારા શાણી.

પાર્શ્વનાથજીન તારો સેવક જાણી; (૨)
પ્રેમ ધરીને સેવા કરીએ, ધ્યાન તમારૂં નીત્યે ધરીએ;
પાપ થકી અમે બહુજ ડરીએ; કરીએ, ધરીએ, ડરીએ, સેવક જાણી.
પ્રભૂ તમારી કરીએ સેવા, મનથી જાણીએ મીઠા મેવા;

અવિચળ સેવા દ્યો તમ દેવા; સેવા મેવા, દેવા, સેવક જાણી.
દ્વી કર જોડી અર્જ ઉચ્ચારી, અર્જ હમારી ધ્યાનમાં ધારી;
લક્ષ ચોરાસી દ્યો ફેરા નીવારી, ચારી, ધારી, વારી, સેવક જાણી.
તવ દરસની લહેના લાગી, તુજ ગુણ ગાવા વખતજ માગી;
તેથી હમારા કુકર્મજ ત્યાગી; લાગી, માગી, ત્યાગી, સેવક જાણી.
બાળ જ્ઞાનોદય વિનવે હીત્તે, જૈન મંડળી નમે છે પ્રીતે;
વીરની અર્જ ધારજો ચિત્તે; હીત્તે, પ્રીતે, ચિત્તે, સેવક જાણી.

તુને કુમલા જીયરવા ઓપીતા મોરા.

મારી અર્જ સ્વીકારો, ઓ પ્રભુ પ્યારા.
દીન દયાળુ કીપા કરીને, જન્મ ફેરો નીવારો; ઓ પ્રભુ૦
કાળ અનંતા ભવ માંહે ભટકયો, તોય આવ્યો ન આરો; ઓ પ્રભુ૦
પુર્વ પુન્ય કીધાં હશે જીનજી, દીઠો દેદાર તુમારો; ઓ પ્રભુ૦
આજ મનોરથ અમારા ફળીયા, સફળ થયો જન્મારો; ઓ પ્રભુ૦
આશા પુર્ણ કરશોજ દેવા, તવ બાળ દુઃખીઆરો; ઓ પ્રભુ૦
ભવજળ માંહે સેવક ડુબે છે, જળધીથી તારો; ઓ પ્રભુ૦
મોડા વ્હેલા તાર્યા વીના પ્રભુ, નહીં છુટકો થનારો; ઓ પ્રભુ૦
તો હવે વાર કરો શ્યા કારણ, હસ્તગૃહી ઉગારો; ઓ પ્રભુ૦
બાળ જ્ઞાનોદય દ્વીકર જોડી, કહે વીર પાર ઉતારો; ઓ પ્રભુ૦

દેખી તેરી વફાદારી.

પ્રભુ સંભવ છબી તારી, છે વિશ્વમાં જયકારી. (૨) પ્રભુ૦
અરે હાં—રે હાં—રે હાં—આં—આં—આં—આં—રી. પ્રભુ૦
પ્રભુ આપ છો દીન દયાળ, લીયો સંભાળ, જાણીને બાળ,
દ્રષ્ટી કરો તમા—આં—આં—આં—આં—રી. પ્રભુ૦

તાર તાર પ્રભૂ તું તાર, ભવદધી પાર, કરો નહીં વાર,
સુણી અરજંગા—આં—આં—આં—આં—રી. પ્રભુ૦
અમે અવગુણના ભંડાર, કર્યો ન વીચાર, અનંતીવાર,
ભમ્યા છીએ ભા—આં—આં—આં—આં—રી. પ્રભુ૦ રેહાં.
પ્રભૂ સેવક તારો થાપ, કર્મો કર્યાં કાપ, મોક્ષ સુખ આપ,
દયા દીલ ધા—આં—આં—આં—આં—રી. પ્રભુ૦
છો નંદરાય કુળ ચંદ, સેનાના નંદ, છો આનંદ કંદ, પ્રભુ૦
નહીં તુલ્ય તા—આં—આં—આં—આં—રી.
જીન જૈન ટોળી ગુણ ગાય, અતિ હરખાય, ગાજે તવ સાહ્ય,
દીલાનંદ ધા—આં—આં—આં—આં—રી. પ્રભુ૦

કલ્યાણની ઠુમરી.

વિનતી ધરજો ધ્યાને અમારી,
અજીત નાથ જીન પ્યારેરે.— વિનતી૦
અમૃત દ્રસ્ટીથી દાખી અમોને,
જન્મ મરણ તું નીવારેરે.— વિનતી૦
જગ નાયક શીવદાયક સ્વામી,
શક્તિ અનંત છે તારેરે.— વિનતી૦
નર્કની ગોદે ભમી આભારે,
તારા વીના કોણજ તારેરે. વિનતી૦
મુક્તિનો મારગ મળ્યો ન અગને,
હવે શું કરવું અમારેરે.— વિનતી૦
કાળ અનંતા ભવમાં ભટકયા,
તોય ન આવ્યા અમે આરેરે. વિનતી૦

આપ તર્યા પ્રભુ અગને ન તારો,
એવી શું વાત દીલ ધારેરે.— વિનતી૦
બાળ જ્ઞાનોદય કરે આરાધના,
હવે વીર પાર તું ઉતારેરે.— વિનતી૦

હોરી.

મલ્લીજીન સીસ નમાવું. નમાવુંરે,
મલ્લી જીન સીસ નમાવું૦
આપ દયાળુ દીલના છો ભારી,
બલીહારી તુમ જાઉં;
નાથ તમારા દરશન કારણ,
નીત્ય નીત્ય મંદીર આવું;
તેથી પાપ સર્વે ગુમાવું.— મલ્લીજીન૦
આપ તણા સર્ણે હું આવ્યો,
ગુણ તમારા હું ગાઉં,
પ્રેર ઉઠીને જીનંદ તમારા;
નીત્ય નીત્ય દરશન પાઉં,
જેથી આપ પાવન થાઉં.— મલ્લીજીન૦

લાવણી.

સુણોને મહાવીરસ્વામી, કહે છે બાળ શીર નામી;
માતુ ત્રીસલા તણા જાયા, ક્ષત્રીકુળ ગામના રાયા;
સીધારથ કુળમાં છો ચંદ, શોભે શું આપનુંરે વૃંદ;
વીરપણું દાખવી લીધું, દેવ લોકે પ્રીતે દીધું.
લાખે લેખાવળી કરતો, નહીં જીન નામ હૃદે ધરતો;

માયા દેખી અતિ માહાલ્યો, મારગ અવળે હુંતો ચાલ્યો;
ભવમાં હું અતિ ભટક્યો, હવે મુને દીલમાં ખટકો;
નીત્ય નીત્ય તુજ પાસેરે, આવું છું મોટી આસેરે;
કહે છે હંસ કેરો સુત, કરોને આશા ફળીભૂત;
દયા મુજપર પ્રભુ ધરજો, દુઃખો મારાનેરે હરજો;

બીભાસ.

વીનતી સ્વીકારી પ્રભુ વીનતી સ્વીકારી,
પાવક પ્રગટ થાઓ વીનતી સ્વીકારી.— પાવક૦
જીનનું દરસન થયું, દુઃખ મારૂં દુરે ગયું;
વીઘન અદ્રશ્ય થયું, થયે દ્રસ્ટી તારી— પાવક૦
તાર તાર તાર પ્રભુ, તુજ કૃપાએ નભુ;
દયા ધરી દીલે વીભુ, લાંયો ભવ તારી— પાવક૦
મારગ અવળે ચાલ્યા, માયા દેખી બહુ માહલ્યા;
ભ્રસ્ટ ધર્મ દીલે ચાહ્યા, મતી મંદ મારી— પાવક૦
વીરપાળ પ્રીતે કહે, અર્જ મુજ ધ્યાને લહે;
જ્ઞાનોબાળ ચીતે ચહે, પ્રેમાનંદે ભારી—પાવક૦
ધ્રાંગપુરીમાં છે વાસ, બાળકોની પુરો આસ;
અમે છીએ તારા દાસ, અજ્ઞાની અપારી—પાવક૦

જય અંતે થશે.

જય નીશ્ચ થશે; ધરમ જન જ્યાં હશે,
જે સુધ્ય દીલે જીન ભજશે.
તે ભવદધી પાર તરસે,
તજી મુમાન, ધરજો ધ્યાન, દુઃખ વધ થશે. ધરમ૦

શેવો શેવો પ્રભુના ચર્ણરે,
જેથી ટળે જન્મ મર્ણરે,
સૌથી શ્રેષ્ટ, ગાનજો નેટ, મુક્તિ મળશે. ધરગ૦
તન મન ધનથી રે ભજો,
નીજ કુકર્મ હોય તે તજો,
જૈન સમાજ, કહું છું આજ, કુગતી દુર ખસે. ધરગ૦
ખોડ દોષ માફી માગીએ,
વિર-અર્જ [illegible] ધારીએ,
જ્ઞાનો બાળ, ધરીને પ્યાર, સુર ગાયો રસે. ધરગ૦

ભેરવી ઠુમરી.

અહો જીનરાજ નમું ઘણા ભાવે (૨) ભાવે ભાવે. અહો૦
મુગટમાં હીરા જડયાં, કાને કુંડળ રહ્યા,
ઝળક ઝળક અતી થાવે; થાવે. થાવે. અહો૦
રચના આંગી સારી, વીવીધ બુટ્ટી ન્યાળી,
જોઇ મુજ દીલ હરખાવે; ખાવે, ખાવે. અહો૦
ભવોદધી દુ:ખને તો, કરવા દુર સહી,
દર્શન નર નારી ત્યાં આવે; આવે, આવે. અહો૦
બાળ જ્ઞાનોદય, દીસે અતી હર્ષ ધરી,
તુજ ચરણ ગુણ ગાવે; ગાવે, ગાવે. અહો૦

ગીતિ.

સંભવનાથ મહારાજા, મંગળકારી સદાય સુખદાતા;
ગગન વીનવે સ્નેહે, જય જય આપો સદેવ જગ જાત્રા.
શાંતીનાથ જીનવરને, પાય લાગી કરૂં પ્રગટ કવીતા;

કરૂણા મુજપર કરજો, જય જય આપો સદૈવ જગજાત્રા.

રાગ. મારારે સ્વામી બોલોને વાલા.

માહાવીર તારા મુખડાંને મટકે, હાંરે હુંતો જીન ગુણ ગાંણી લટકે; મા૦
રાજ ત્રણલોક તણા રાયા, જનુની માતા ત્રીસલાના જાયા;
સુંદીર સીધારથ કુળ આયા, માહાવીર તારા મુખડાને મટકે.
દીન દીન દરીસન તુમ માગું, રૂદય કમળ ચીત મારૂં દાઝયું;
વીર મારા લળી લળી પાય લાગું, માહાવીર તારા મુખડાને મટકે.
જે જે વીર રાખો તુમ સંગે, જીન ટોળી મનને ઉછરંગે;
કહે સુંદીરવીજય હો મન રંગે, માહાવીર તારા મુખડાને મટકે.

ધનાશ્રી.

એ જીવ દુખીઓ થાય, સજજનો એ જીવ દુઃખીઓ થાય.
જીનવર જેવી જીન પડીમાને, અસાતના કરી જાય. સજજનો૦
માહા મુની માહારાજા ધિરાજા, તેહની કરેરે નીંદાય. સજજનો૦
દેવગરૂ શંત શેવા મુકીને, કુગુરૂ પંથે ધાય. સજજનો૦
માત પીતા સુત ભ્રાત તજીને, ધર્મ તણા સમ ખાય. સજજનો૦
આપ કમાણીનું અળગુ કરીને, દેવનું દામજ ખાય— સજજનો૦
કુડ કપટ ઘણાં ઇર્ષા રાખે, પરનારીથી લલચાય.— સજજનો૦
નીતીવીજે શીશ સુંદીર કેહે છે, જે કોઇ કરશે અન્યાય.—સજજનો૦

"કન્હરો"—"બારમાસી"—"ઠુમરી"

કરૂં દરીસન પ્રભુ પાસજી તેરા, સબી મીટેગા મેરા મરનકું ફેરા,—ટે.
તુમચો નામ જેને રટન કર્યો હે, રહો ન એને દુજો સુખ અનેરા. કરૂં૦
ભયભંજન પ્રભુ સુખકો દંજન, બાલમ નારી શીવ પ્યારી કેરાં. કરૂં૦
નવખંડ નામ તોરો અમર રહ્યો હે, સાહેબ દેવાધી દેવ હમેરા, કરૂં૦

ધ્રાંગધરામેં રહી ચોમાસા, ગચ્છ ઉપાસરે પાયચંદ કેરા. કરૂ૦
ધરી પીયાર ગન અરજ કરત હે, રાખો સુંદીરકું શરણુ તેરા. કરૂ૦

ખમાચ.

મોએ દે છીતકાર, ગયો જીવનહાર, મોએ લાગી ઝાલ;
ગનકું સજની, મોએ છોડ પીયુ, ગીરનાર ચલે. મોએ૦
કરૂં ભકતી અપાર, પીયુ શરણુ આધાર, રહી તાત કાર;
અબ તો સજની, મેં તો ઢુંઢ ઢુંઢ, પીયુ પીછે ફરૂં. મોએ૦
હુ છુંય તમારી, પ્રભુ અબળા નારી, નમું વારંગવારી;
તુજરે ચરણે, સુણી મુજ પોકાર, પ્રભુ સાર કરો. મોએ૦
નહીં દુજો આવાર, મુજકુંરે આધાર, ગહું જીવન પ્રાણુ;
અબ તો સજની, મેંવો પ્રભુ પાસ જઇ પ્રીત ધરૂં. મોએ૦
ગઇ રાજુલ નાર, પીયા નેગકે આધાર, લીની દીક્ષા સાર;
સુનતો સજની, પાળી ચારીત્ર વહેવાર, પામ્યા ભવનો પાર. મોએ૦
નેગ રાજુલ નાર, પામ્યા કેવળ સાર, કીધો ભવનો પાર;
સુનતો સજની; નેગ રાજેગતી, વર્યા સીવ સતી. મોએ૦
ગુરૂ નીત્યવજે, સીસ સુંદીર કીજે, મુને મુગતી દીજે;
સુનરે પ્રભુજી, અતિ આનંદ સોય, શેહેર ધ્રાંગધરા. મોએ૦

સોરઠી ગજલ.

સુંદીર છબી સાતીજીનંદની, દેખી દીલ તો ગારૂં રાજી થયું. ટેક.
અંગે આંગીઓ નવી જાતની, માંહે બુટ્ટીઓ ઘણી ભાતની;
સુંદીર ચળકે ને ઝળકે ઘણી, ભાલે તીલકે દીપે મણી. સુંદીર૦
ગાથે મુગટમાં હીરા જડયા, કાને કુંડળ ને હાથે કડાં;
બીજા બાજુ ગજરા ફુલ છે, કંઠે રતનહાર અમુલ્ય છે. સુંદીર૦

તાર તાર પ્રભૂ તું તારને, તુજ ભગતની કર સંભાળને;
ભવોદધી પાર ઉતારરે, ખરો મારે તુજ આધાર છે. સુંદર૦
જૈનભક્તિ ટોળી ગાય છે, ગુણ ગાઇને ખુશી થાય છે;
રહી ધ્રાંગપુરી શેહેરમાં, કહે સુંદીરવીજયજી લેહેરમાં. સુંદીર૦

કુદરત રેહેમતકા એ રાગ.

નંદ નાભીનૃપના છો ઈશ—ધીસ—ત્રીયુગના. નંદ૦
પારગ ધારગ તું, છે મારગ સારથ તું,
દાયક સુખ દુઃખ તું છીન હાર,
મારગ સીવનો તું ખોલનાર— નંદ૦
ભવ દુઃખ ભંજન રંજનહાર,
સુખમાં પણ તારો આધાર.— નંદ૦
સંભવજીન વિનતી અવધાર
બાળ જ્ઞાનોદય તુજ આધાર.— નંદ૦
વિનતી કરે બાળ વારંવાર
સેવક કીરને ભવોદધીતાર. નંદ૦

કસુરવાર કેસા એ રાગ.

શશી સીત જેસા ચંદાજીન એસા.
દ્વેશી નીંદત હે આશી પુજત હે.
આસીપર મેહેર નહીં નીંદીપે દ્વેસા. શશી૦
કુમતાકો ધૂતી સુગતાસેં પ્રીતી
કીધી કાઢી કર્મ ઠેસા. શશી૦
મેઘ મયુરા (જ્યું) ચંદ્ર ચકોરા,
સુખે અંગારા ભખે સુખ જેસા. શશી૦

બાળ જ્ઞાનોદય પ્રીત ધરીને,
જાચે યાચક કીર સુખ તુજ જેસા. શશી૦

પ્રીયા રાઠોડ નરવરસુર.

સંભવજીન સેહેજાનંદ, સેવકને નહીં છટક છટક છટક;
અનગુણી હું અવગુણ ગણું તુંજ, હતો સલામી હું લટક,
અજ્ઞાનથી હું નીસદીન ભાગીઓ, આવ્યો હું શરણે ભટક ભટક ભટક.
સંભવજીન૦
ચોરાસી લક્ષે ભમી હું આવ્યો, મોહે દીધો મુને પટક;
મુખક મહીરા કરી ગલકાયો, તેગ જુગ ચાલ્યો હું ચટક ચટક ચટક.
સંભવજીન૦
નટ દોરીપર નૃત્યં કરે છે, ચાલે ચુંપેથી ચટક;
સીધી રસીથી સરત ન ચુકે, ચાલ્યો તે આવે અટક અટક અટક.
સંભવજીન૦
તેગ ગુણ તારા દીલ ધરી હું, રહ્યો ગુણ તારા રટત;
સીધી રસી શ્રીજીનનો મારગ, ચાલે મંડળ બાળ સટક સટક સટક.
સંભવજીન૦

ગજલ.

(કરૂં તે બહુ ડાહાપણનુ કામ, અહીં આવી કુંવર લઇને. એ રાગ)
વમા, દેવીજીનો લાલ, અશ્વશેન કુળનો દીપાળ;
પ્રભાવતી પુન્યથી પામી, વીશ્વપતી સરીખો તું સ્વામી; વમા;
વપુ તુજ નીલ મણી સારીખો,
નીલ કમ્મ કીધાં દુર;
અનળ દહે જ્યું કાષ્ટને, દહ્યો તે પાપનો મુળ.

રહ્યો તું વીશ્વને ન્યાળી, કરમદળ નૃત્યને ટાળી. વગા દેવજી.
સબ કહે તારૂં મેં કહ્યું કહું, ટાળી ન કીરની ખોડ,
પણ દીલમાં હસે તારસું, ધીરજ ન રહે પ્રીત જોડ;
તારૂ તુજ સરીખો નહીં કોઇ. વચણુળાએ ન રહેવું જોઇ; વગાદેવજી૦

હે રાજીંદર એસેં બેહેતર એ રાગ.

હે અરીહાજીન અરજ હમારી બાળ વદે તું લે ઉર ધારી
તુંજને મળવા પ્રીતી કરવા.
આવ્યો મોહે કીધો આભારી. હેં અરીહા૦
તુંજ ગુણ મનમાં ધારી હું તનમાં.
વેર કરૂં છું ચીતમાં ધરૂં છું
જો હું પડું છું પ્રીત ગણું છું.
મારી જેવી પ્રીત મારી જેવી પ્રીત દાસ ધારી હીત.
કીરદીન ચીત રહો ધરી પ્રીત
રહે ખુશ બાળ મંડળ આભારી.— હે અરોહા૦

સબ પરીઆકી સરદાર પરી એ રાગ.

સંભવજીનવર મુરતી તારી છે વીશ્વ વિશે પ્રભૂ જયકારી
આટને અલગ કરી પંચથી તે પ્રીતી ધરી.
છ કાયના પ્રભૂ ઉપગારી.— સંભવ૦
નવ દસ ચૌને ચીત ધરી ચૌ તેર છ ને કાઢી પરી— સંભવ૦
ગુણ અનંતે યુકત તુંહી મગ અવગુણ નવ ગુણ જે ગુણી.
તારૂ તારૂ તારૂ પ્રભૂ તારૂ તારૂ તારૂ તારૂ.
નેકી તો ન કીધી કાંઇ અફળ કીધી માનું કાંઇ.
આ જીવાય, કીધી ન કાંય, અરીહાની વિનીત;

દાસ હીત. દેવ રીત, દાસને તું તારી લે;
અવગુણ વીદારીને ફીર અર્જ ધારીને.— શંભવ૦

રાગ કરીએ ન્હવણ જગદીશ માહાન મદમનસેં પરીહરતાં.

પ્રથગ જીનંદસું પ્રેમે કરી, પ્રીત રીત નીભાવોરે;
ચંપો જાસુદ ગાલતી ડમરો, નાગપુનાગ ગુલાબ લહીરે;
મોગરા સંગસું જીનવર પુજો, દુજો ન ધારોરે (૨)
અવર હર દુજો ન ધારોરે.
આંબાર આંબુ જાંબુ ફોફળ, રામ, જાગ, પ્રમુખ લહીરે;
અખોડ પીસ્તાં આલુ દ્રાક્ષા, આદી ઠવાવોરે (૨)
ભાવે જીન આગે ઠવાવોરે.
સાલી તાંદુળ વીધ વીધ જાત કે, કેશરસેં રંગરોળ કરીરે;
ભાવે ઠવો ત્રીભોવનપતી આગે, કુગત હઠાવોરે (૨)
તન મનસેં કુમત હઠાવોરે.
ભાવ ભય પરીગળ દુર કરણકો, ખીર નીરસું કળસ ભરીરે;
અરીહા અંગે ન્હવણ કરીને, સબ દુરીત ખમાવોરે. (૨)
પુજી જીન દુરીત ખમાવોરે.
કેસર ચંદન ધ્વાસ બોચક, કસ્તુરીસેં ગોળ કરીરે;
વીધ વીધ સેં આદીશ્વર પુજો, કર્મ દહાવોરે (૨)
પુજી જીન કર્મ દહાવોરે.
આણંદાદીક શ્રાવક વીરના, એકાદસ જીનપડીમા વહીરે;
સુર લોકે સુખ અહોનીસ વીલસે, ભર્મ મીટાવોરે (૨)
ફીર ભવ ભર્મ મીટાવોરે.

શીદ ગભરાવો અહીંઆ આવો એ રાગ.

સીતલ સ્વામી, અંતરજામી,

જગ વીત્રાગી, તુજથી પ્રીત;
લાગી મુજને, શું કહું તુજને,
બાદ નહીં હું તારે ચીત,
ગયુર મેહને ચહે, ચકોર ચંદ્રને,
અહિ ગહી તજી ફસે મોર્લી ફંદમેં,
નહીં મોર્લી મન અહિનું હીત. સીતલ૦
બીતક બાલી જો, તેં સેવ્યા સીદ્ધને,
કીર હું ચહું તું ચરણુ રીદ્ધને,
સુખ પામી ગાઉં તારા ગીત. સીતલ૦

સારંગ.

રાગ.—ઘેર જાનેદે છાંડ મોરી બઇયાં.

આયો લારેમેં પકર મોરી બૈયાં,
કુગત દુગખકો સંગવા છટક કે, રટત ગાલ ગુણુ તારી,
ધરત ધરત ધીર ધારી રહ્યો હું, સારનલીની સૈયાં. આયો૦
આજ હું આયો સનનમેં તજ હું, કબહું શીવકો પ્યાશી.
ભટક ભટક ભવ ×કીર ફંદમેં, આયો પુન્ય સેં પૈયાં. આયો૦

"ખમાચ"—(એક ચતરનાર)

કર જીનસેં પ્યાર, અન્ય વીભુ વીદાર;
અસી ત્રીસુલ ધાર, વામો કલાર,
ફરયો ઉનકું છાર, પુજાર ધીકાર. કર જીનસેં૦
જાની અસાર, છોડયો સંસાર;

× જયાં કીર આવે ત્યાં પોપટ સમજવો.

પંચ આયુદ્ધ ધાર, પ્રવચનકો સાર,
લીયો ધ્યાન ધાર, તુંહી બાર બાર. કર જીનસેં૦
છોરી કુગત નાર, કીયો સીવસેં પ્યાર;
લીયો મેરૂ ભાર, ગદનાદી ગાર,
આયો આજ તું દ્વાર, કીર કુગતી છાર, કર જીનસેં૦

ભૈરવ તાલ ત્રીવટ.

આવ્યો શરણે આસ ધરી, જાણી સીવવધુનો પ્યારો;
નરકની ગોદે વાર અનતી, ભાગીયો જ્યાં નહીં છીન વિશ્રાંતી;
તુજ ગુણ આવ્યો અનુસરી. જાણી૦
દાયક જુગ દાતાર કહાવો, નીજ કીંકરસું અંતર આવો;
કરતા લાજ ન આવી કંઇ. જાણી૦
સવારથ સું અવીનય ઉચરતાં, દાખે ન ગીરૂઆ બાળ વદંતા;
પણ કીર વદે નીરાગી ગણી. જાણી૦

સબ પરીઆકી સરદારપરી એ રાગ.

સબ આલમકે સીરતાજ ધની,
જુગ જાદુગર હે તુંહી ગની;
કુગતી વીદાર દીની, સુગતીકો ધાર લીની
બેઠે સત્ય સીર સીધ્ધ બની. સબ૦
ડગર ચરગ ચક્ષુસે નહીં, દેખત હુંમે આઉં કહી: સબ૦
પરહેનો અજ્ઞાન ભયા, બીન પરહીકો જ્ઞાન દીયા.
સાય્ સાય્ સાય્ થા સાય સાય સાય સાય.
જોર તારતાં શું આવે: વચને વીજય મારો થાંયે.

એક વખ્ત: દર્સે સખ્ત: ભયથી થાઉં મુકત.

શું આ વાત: કર, સનાથ

સુગુણી સ્વીકારી લીધા અવગુણી વીદારી દીધા.

ફીર જેસા દુર કીના સબ આલમકે સીરતાજધની૦

ચંદા બીન કેસે મેરે જાન (આ શું ઠેસ વાગીરે).

તારૂં તુંથી લાગીરે, (૨) જોતાં જીનાલય નેત્રથી જાગી પુરવની પ્રીત;

સુરત ઇંદુસમ તાહરી, બીંદુ અગી સમ નેત્ર; (તારૂં)

તેજે તરણીથી અધીક, જાયે આધી કૃર પ્રેત.

વીનતી સુણજો ત્યાગીરે, તારૂં૦

ધ્યાસ ચૈતના દહનમાં, ઘેરાયો વનચર રાય;

વીપુ રીપુ વન એ વીકટમાં, ભૂલ્યો શું આતમરાય.

સુણ તુ સોવનાં રાગીરે, તારૂં૦

અવસર આવ્યો ચેત લે, ચેત્યા બીન ચોરાય;

ફીર ચીદાનંદ ભેટી લે, છીનમેં જીંદગી છેદાય.

સ્વુપનવત્ રીદ્ધી જાગીરે. તારૂં૦

"અનંત એકજ છે અવિનાસી."

મલ્લી જીનેશ્વર મોહ નીવારી, વર્યા પદ અવીચળ દુરીત સંહારી;
મલ્લી૦

તપ પુર્વ ભવમાં માયા તેં દાખી, શીસદ્રોહથી પામ્યા વેદનારી;
મલ્લી૦

ષટ નૃપ તુજ વપુ ગુણને ન્યાળી, આવ્યા વરવા પ્રીતપુર્વ વીચારી
મલ્લી૦

કંચન રંભા જોઇ દુરગંધા, વદે નૃપ શું” રહો રાજબાળી;

જીન કહે કેવલ એકે દુઃખદાઈ, ભખે બહુ કણ રહો દુર નીવારી,
પ્ટેરાયને ભવ અટવીથી તાર્યા, ફીગ ફીર ફીકર મુકો વીચારી. ગહ્લી૦

અંતેથી નમી તુંને ખંતે વીનવીએ.

સાંતીજીન નમું તુને ભ્રાંતી તજીને,
પ્રીતીવાન, નીતી વાન, ગુણવાન, ધરૂં ધ્યાન
તાર. તાર. તાર. તાર. શાંતી જીન૦
દુઃખમાં રહ્યોછું ડુબ, થાકીને આવ્યોછું ખુબ;
કરી કુમતાને ચુંબ, પાપનું ભર્યું મેં તુંબ,
પાડી નીગોદમાં ખુબ, આવ્યો ટાળો ભવ ગુંબ,
હવે નહીં રહું દુર, તુજ સરણથી તુર,
વાધ્યુ છે મુનેજ પુર, ફીરશીવ આપો ધુર,
તાર, તાર, તાર, તાર, શાંતી જીન૦

પ્યારા પ્રભુ.

પ્યારા નમું પાસ હું, દુઃખ હરતા કરતા વીશ્વના; પ્યારા૦
અકળગતી પ્રભુ તારી કળાયન, વીભૂપદ ધરતા વરતા; પ્યારા૦
અહીપતી સહસ્ત્ર અનન સીર સોહે, ભાવ જાણો જગ જનના મન-
ના;—પ્યારા૦
મીથ્યા વાદી ઉપસર્ગે સુરનો, દીલન વધાર્યા તાર્યા; પ્યારા૦
સમેતસીખરી ઉપર પ્રભુ સીધ્યા, ફોર દુઃખ વારો તારો; પ્યારા૦



ધ્રાંગધરા શ્રી જૈન બાળજ્ઞાનોદય મંડળી, શ્રી સંભવનાથના દેરાસરની.

મેંબરો.		મેંબરો.	
શા.હ. ખુશાલ વિ. માણેકચંદ.	સરમેનેજર.	શાહ કેશવજી પદમશી	મેંબર.
ગાંધી. ભૂદર મનોર	મેંનેજર	શાહ. હીરાચંદ નેગચંદ.	,,
ગાંધી. ગગન મનોર.	આકટીંગ મેનેજર	શાહ. ડામર ખોડીદાસ.	,,
શાહ. પ્રભૂ વિ. વીરચંદ,	કોટવાળ	શાહ વીરપાળ વિ. હંસરાજ	,,
શાહ. હરીલાલ વિ. જુઠાભાઈ.	ખજાનચી	ગાંધી. ભગવાન વિ. ટોકર.	,,
શાહ. સુરચંદ વિ. ચાંપસી.	મેમ્બર.	ગાંધી. અગથુ ચતુર.	,,
પા. પુંજા રગનાથ.	,,	શાહ. જસ્લા પ્રભૂ	,,
ગાંધી ઊજમશી વિ. ઓતગ.	,,	સોની. હરજી રણછોડ હુન્નરપદ્ધતિના જાણનાર.	
શાહ. તળશી ભવાન.	,,		
શાહ. લલુ વિ. દેવસી.	,,	ગાંધી. મોહનલાલ મનોર.	,,

ઉપર લખ્યા પ્રમાણે મેંબરો નોંધવામાં આવેલ છે ને તેમના તરફથી પુરો આશરો મળવાથી અમો તેમનો પુરો આભાર માનીએ છીએ.

૨૦૦ જૈન બાળજ્ઞાનોદય મંડળી શ્રી સંભવનાથજીના દેરાસરની	૫ પા. પુંજા રગનાથ.
	૫ મગનલાલ વિ. છગનલાલ.
૫ હીરાચંદ વિ. ઉકાશાહ.	૩ સુરચંદ વિ. ચાંપશી શાહ.

૨ છગન નાનચંદ શાહ.
૫ ગાંધી. ઉજમશી વિ. ઓતમચંદ,
૧ ગાંધી. ઓતમ કચરા.
૧ ત્રીભોવન જેતસી શાહ.
૧ સુખલાલ વિ. મોનજી. શાહ.
૧ મગનલાલ વિ. ગપલશેઠ.
૧ સુખલાલ બબલ કપાસી.
૧ રા. રા. નાગર વિ. પોપટ. ગાંધી.
૧ શેઠ મોહનલાલ વિ. ભાયચંદ.
૧ સોની ચીકા અગરસી.
૧ શા. હીરાચંદ નેમચંદ.
૧ શા. મોહનલાલ વિ. કચરા.
૧ શા. હરીલાલ વિ. જુઠાભાઈ.
૧ શા. ગીરધર ટોકર.
૧ ગાંધી. તારાચંદ વિ. ડાગર.
૧ શા. દીપચંદ વિ. વખતચંદ.
૧ શા. જલ્લા વિ. પ્રભુ.
૧ શા. ડાગર ખોડા.

૧ શા. શીવલાલ વિ. કચરા.
૧ શા. પીતાંબર ભુરા.
૧ ગાંધી. તારાચંદ વિ. દામર.
૧ શા. ખીમચંદ ખુશાલ.
૩ શેઠ. ચતુર વિ. હરી.
૧ શેઠ લલુ વિ. ભુરા.
૧ શેઠ. મોહન વિ. ભાયચંદ.
૧ શા. લલુ મોતી.
૧ રા. રા. અમુલખ ચત્રભુજ.
૧ ગાંધી. નગીનદાસ મોહન.
૧ શા. કુંવરજી અંદરજી ધોળી.
૨ શા. ઉજમશી પ્રેમચંદ.
૧ સોની. લીલાધર પ્રભુ
૧ શેઠ. લલુ વિ. કાળીદાસ.
૧ શેઠ જેચંદ વિ. પરાગજી.
૧૧ ગાંધી. સુખલાલ કસ્તુર મારફત.
૧ સુખલાલ કસ્તુર.
૧ મેહેતા. પ્રાણજીવન દયારામ.

१ પારેખ. ખેતસી ગોરધન.
१ છોટાલાલ ગોપાળજી પારેખ.
१ શા. હરજીવન ન્યાલચંદ.
१ મેતા. અમુલખ હવસા.
१ સોની ઓધડલાલ વરાણુસી.
१ ભાવસાર ગોકળદાસ દેવકરણુ ચાંપાનેરી.
१ શા. ગોવનજી દામોદર ચીકાણી.
१ શા. સુખલાલ વિ. મોનજી.
१ સોની વીઠલદાસ સંઘજી.

ઝીંઝુવાડા.

२ દોશી કસ્તુર નવલ.
१ વોરા તલકસી ગલાબચંદ.
१ વોરા ખેગચંદ ઇચ્છાચંદ.
१ વોરા દલીચંદ વિ. જેઠા.
१ જોશી મોહન ફુલચંદ.
१ કપાસી નથુ દેવચંદ.
२ કપાસી મોહન દેવચંદ.
१ શા. અમુલખ ફતેચંદ.

२ કપાસી ભીગજી ફુલચંદ.

લીંબડી.

२ જૈન બાળજ્ઞાનોદય સભા હ. રાજપાળ-
નારણુ.
५ દોસી કસ્તુરંચંદ વિ. વાહાલજી. આ. મા.
ધ્રાંગધ્રા.
१ શા. છોટાલાલ હીરાચંદ.
१ શા રાયચંદ જીવરાજ

ધોલેરા બંદર.

१ શા. હરજીવન ખેચર.

કંકાવટી નગરી.

१ વોરા કાળીદાસ વિ. સુંદરજી
१ વોરા ભાયચંદ જીવરાજ.

વાંટાવદર.

१० શા. શોભાગચંદ અભેચંદ.

મોરબી.

१ પારેખ ફુલચંદ રાવજી.
१ પારેખ કાબા રાપકચંદ.
१ શા. ભાયચંદ લખમીચંદ.
१ પારેખ ત્રીભોવન.

અજાણા.

૧ શાહ ચુનીલાલ વરતા.
ગાંધી સુખલાલ કસ્તુર મારફત.

હળવદ.

૧ શા જસરાજ હરી.
૧ શા આંદરજી વીરજી.
૧ શેઠ પોપટ ડુંગર.
૩ શેઠ પોપટ ડુંગર.

દેગામ.

૧ તારાચંદ બેચર શા.
૧ ભગવાન બેચર શા.
૧ પરશોતમ ચતુર પારેખ.

જેસડા.

૧ વોરા ફુલચંદ ટોકર.
૧ શા ઓતગ ડાગર.
૧ શા ખેતસી ડાગર.
૧ શા મોહન ડામર.
૧શા ડાયા ડામર

૧ શા ડાહ્યા કાળુ.
૧ શા કસ્તુર દોસા.
૧ શા ઓઘડ દેવસી.

ગાળા.

૧ શેવક કરશન પરભુરામ.
૧ બાવા દયારામ કાશીરામ.
૧ શા પાનાચંદ લક્ષમીચંદ.
૧ પારેખ લલુ રામજી.
૧ શા મોહનલાલ રાજપાળ.
૧ રાજગોર ગણેશ દામોદર.
૧ શા ગલાબચંદ બોઘા.
૧ શા ફુલચંદ રાજપાળ.

દુદાપર.

૧ શા ઠાકરસી મુળજી.
૧ શા તરભોવન મુળજી.

ઢવાણું.

૧ શા લેરા ત્રીકમ.
૧ સોની મોહન રણછોડ.
૧ શા હરચંદ રવજી.

૧ શા જીવણ ત્રીકમ.
૧ શા વીરપાળ જીવા.
૧ શા હેમચંદ કશળચંદ.
૧ શા તળસી જેઠા.
૧૧ શા મગનલાલ ગોવનજી.
૧ શા. મોતીચંદ જેતસી.

કોથળા.

૧ વોરા મોહનલાલ નથુ.

સાપકડું.

૧ કોઠારી કાળું તલકસી.
૧ કોઠારી ભગવાન શીવલાલ.
૧ ,, સુખલાલ સુંદર.
૧ ,, અમૃતલાલ છગનલાલ.
૧ ,, લલુ પીતાંબર.
૧ ,, કાળુ પીતાંબર.
૧ ,, અભેચંદ નારણજી.
૧ ,, જગજીવન રાજપાળ.
૧ ,, સોમચંદ જસરાજ.

૧ કોઠારી. કસ્તુર તલકસી.
૧ ,, છગનલાલ પીતાંબર.
૧ ,, ગણીલાલ વીરપાળ.
૧ ,, વરજલાલ સુંદરજી.
૧ પારેખ વનેચંદ વીરચંદ.
૧ રાણાશ્રી કનુભા મેરૂભાભાઈ.
૧ ,, કેશરીશંઘજી સરદારસંઘ.
૧ પારેખ ભગવાનજી છગન.
૧ ,, જગજીવન છગન.
૧ શા. મોહનલાલ વેલસી.
૧ ,, હીમચંદ નાગજી.
૧ ,, કસ્તુર નારણ.
૧ મેહેતા જગજીવન પોપટ.
૧ વ્યાસ ડાહ્યા શીવરામ.
૧ જાની ડાહ્યાશંકર સુંદરજી.
૧ ખવાસ માનસંઘ હરી.
૧ ખવાસ ત્રીકમ જુમણ.
૧ રાણાશ્રી સેજુંભા સરદારસંઘ.

૨ ઉપાધ્યાય જટાશંકર દુલ્લભરામ.
૧ કોઠારી ઉજમસી પીતાંબર.

વીરમગામ.

૨ શા. રૂપચંદ પાનાચંદ.
૨ ગાંધી ઓધડલાલ દીપચંદ ધ્રાંગધરા હાલ અમદાવાદ.

સરવાળ.

૧ શા. ઓધડલાલ હીરાચંદ.

અમદાવાદ.

૫ રા. રા. મણીલાલ વિ. ગીરધરદાસ.

ચોકડી.

૫ રા. રા. ડામરદાસ નારણદાસ.

દીકસર.

૧ શા. મોહનલાલ ઓધવજી.
૧ શા. માણેકચંદ વિ. ઓધડ.

લખતર.

૫ રા. રા. મોહનલાલ વિ. હરજીવનદાસ.

મુળી.

૧ રા. રા. મણીલાલ સવજી.

૧ રા. રા. ઉજમસી કુંવરજી.
૧ રા. રા. ગોવરધન જેચંદ.

વઢવાણ કાંપ.

૧ રા. રા મોહનલાલ વિ. જીવણલાલ.

ઉંટડી.

૧ શા. હરગોવનદાસ તલકસી.

ટીકરરણની.

૧ ખંડોર વખતચંદ નાનજી.

ધ્રાંગધરા.

૮ રા. રા. મગનલાલ વિ. સાંકળચંદ શાહ.
૧ રા. રા. વખતચંદ વિ. કશળચંદ સાહ.
૧ રા. રા. ઉજમશી પ્રેમચંદ શાહ.
૧ રા. રા. શેઠ પદમશી માણેકચંદ.
૧ દવે મોહનલાલ ગોપાલજી શીયાણીવાળા.
૧ ગાંધી કુંવરજી ડાહ્યાભાઈ ગજરામારૂ નાટકના ગ્રંથ કર્તા.

દેગામ.

પારેખ. ડાહ્યા ચતુર.
પારેખ. કુબેર પીતાંબર.

ધોલેરા.

૧૦ શેઠ. વાડીલાલ અમરચંદ.

ધરમપુર.

૨ શા. હીમચંદ વિ. જીવરાજ.

સરવાળ.

૧ શા. ધારશી જીવરાજ.
૧ મેતા. ઉજમશી તુળશી.
૧ શા. સોમચંદ નાનજી.
૧ શા. ઉમેદચંદ નથુ.
૧ શા. ગણેશ પાનાચંદ.

૧ શા. ત્રીભોવન ઠાકરશી.

સાણંદ.

૧૦ મેતા. ગોવનજી ઉમેદચંદ મારફત.
૨. મેતા. ગોવનજી ઉમેદચંદ.
૨ મેહેતા દેવચંદ ઠાકરશી.
૧ શેઠ મોહનલાલ ગગાભાઈ.
૧ ગાંધી. કચરા ઉકાભાઇ.
૧ શા. માણેકચંદ તેજપાળ.
૧ મેતા. શાંતીલાલ જેશંગભાઇ.
૧ ગાંધી ભાયચંદ પરશોતમ.
૧ પટેલ મોહનલાલ નાગરદાસ.

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો ધ્રાંગધરામાં અમારી પાસેથી અથવા વઢવાણ કેમ્પ દોશી ડુંગર ભુરા અમદાવાદ ભૂલાભાઈ હઠીશંઘ તથા નાનાલાલ મગનલાલ વીગેરે જાણીતા બુકસેલરોને ત્યાંથી પણ મળશે. માટે જેઓ સાહેબોને મંગાવવાની ખુશી હોય તેમણે રોકડી કીંમત મોકલી મંગાવી લેવા નૉટપેડ પત્ર લેવામાં આવશે નહીં.

પુસ્તકોના નામ.	રૂ આ. પા.
રણજીતસિંહને ફળાવંતી ગાયન	૦-૧-૦
પતિવ્રતા સ્ત્રી ગુણસુંદરીના ગાયન.	૦-૨-૦
જ્ઞાનઃ યોગીજીન સ્તુતિ સંગ્રહ (ભાગ ૧ લો)	૦-૧-૬
સદર (ભાગ ૨ જો હવે પછી.)	૦-૧-૬
ભૂપતસિંહને મેનાવતીના ગાયન.	૦-૧-૬
વિક્રમ હંશાવળી ગાયન.	૦-૧-૬
એશીઆ ખંડની ભુગોળ (કસ્તુર માસ્તર કૃત)	૦-૧-૬
રાખેંગાર રાણીકદેવી હવે પછી	

ઉપર લખેલા પુસ્તકોનું ઘણુંજ સારૂં કમીશન મળશે જેઓ સાહેબને મંગાવવા મરજી હોય તેઓએ નીચે સહી કરનારને લખી જણાવવું.

વાડીલાલ સોમચંદ સંઘવી.
ધ્રાંગધરા નિવાસી.



વિ ાસિ.

ત્વરાથી ખરીદ કરો.　　ત્વરાથી ખરીદ કરો.

ભાગ ૨ જો.　　ભાગ બીજો.

દોડો ગારા પ્યારા દોસ્તો આ પુસ્તકનો બીજો ભાગ થોડી મુદતમાં
અમારી પાસેથી નવા નવા મુંબાઈનાં રાગોથી પ્રગટ થવાનાં
આવશે, જેઓ સાહેબોને પ્રથમથી ગ્રાહક થવા ઇચ્છા હોય
તેઓએ અમોને લખી જણાવવું. ને તેઓ પ્રથમથી
ગ્રાહક થનાર પાસેથી ફક્ત એક આનો ને પો-
સ્ટેજ લેનારને શીર પડશે એમ નક્કી સ-
મજવું. આઠ બુકો લેનાર અગર ખ-
રીદનારને પોષ્ટેજ માફ.દસે એ-
ક પ્રત ભેટ ને પંદરે એક બુક
ભેટ પોષ્ટેજ માફ. પણ
મનીઑડર ખર્ચ લેનારને
શીર. દોડોને ગારા
દોસ્તો એક આનામાં
શી વીશાત છે ?

પ્રસિદ્ધ કર્તા.

બુકસેલર વાડીલાલ વિ. સોમચંદ સંઘવી.